**રે.દિ.કેસ નં.૧૨૪/૨૦૨૫**

## **–: આંક–૧૦ હેઠળ હુકમ :–**

બાબત :– વાદગ્રસ્ત દસ્તાવેજ અનુક્રમ નં.૪૧૬૩, તા.૨૭/૦૮/૨૦૧૯ તથા તા.3/૨/૨૦૦3 ના રોજનું કહેવાતુ કુલમુખત્યારનામું રદબાતલ ઠરાવવા અંગે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય કરારદાદી હુકમનામું કરી આપવા અંગે.

અમો નીચે સહી કરનાર આ કામના વાદીઓ–પ્રતિવાદી વચ્ચે આજરોજ આ કામમાં નીચે મુજબ સમાધાન થયેલ છે. જે નોંધી કરારદાદી હુકમનામું કરી આપવા નમ્ર અરજ છે.

(૧) ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ હડાળા ના રે.સ.નં. ૧૬૨ પૈકી ૨ વાળી જમીન અમો પ્રતિવાદીએ જે તે સમયે ૧૬૨ પૈકી ની જમીન મોરબી તાલુકા વિકાસ અધીકારીની કચેરીના હુકમ નં. ૫૭/૧૯૮૯–૯૦/ વશી–૪૫૨૭/3૧, તા.૨૦/૦૯/૧૯૯૦ થી બીનખેતી કરાવેલ, અને પ્રતિવાદીએ આ પ્લોટીંગ/જમીન વેચી નાખેલ હતી. ત્યારથી આ જમીનનો કબ્જો પ્રતિવાદી પાસે નથી. આ બીનખેતીની જમીન અન્ય ત્રાહિત વ્યકિતઓની માલીકીની છે. તેથી આ જમીનનો કબ્જો પણ જે તે પ્લોટ હોલ્ડરો પાસે છે.

તેવું આ કામના વાદી નં. ૧ અને ૨ સ્વીકારે છે અને કબુલે છે. તેથી કબ્જા બાબતે વાદી નં. ૧ અને ૨ કે તેમના વંશ–વાલી વારસોએ ભવિષ્યમાં વાંધો કે તકરાર લેવાના નથી.

(૨) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ ૪૧૬૩, તા.૨૭/૦૮/૨૦૧૯ જે દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૮, રાજકોટ ખાતે નોંધાયેલ છે. તેની રૂએ વાદગ્રસ્ત જમીનમાં વાદીઓના જે કાંઈ હકકો અને અધિકારો ઉત્પન્ન થયેલ હોય તે તમામ જતા કરેલ છે અને તેવા તમામ હકકો–અધિકારોનો પણ આથી અંત આવે છે. તેમજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૧૬૩, તા.૨૭/૦૮/૨૦૧૯ રદ ગણવામાં આવે છે. તેવું વાદી નં.૧ અને ૨ તથા પ્રતિવાદી કબુલ કરે છે.

(૩) નોટરી શ્રી એન.આર. વોરા સમક્ષ તા.૩/૨/૨૦૦૩ ના રોજ નોટરી કરેલ કહેવાતું કુલમુખત્યારનામું કે જે વાદિ નં.૨ જોગ પ્રતિવાદીએ કરી આપેલ દર્શાવેલ હોવાનું જણાય છે તે રદ બાતલ છે. તેવુ વાદિ નં.ર કબુલ મંજુર રાખે છે. તેમજ કહેવાતું કુલમુખત્યારનામાના આધારે વાદિ નં. ૨ ના એ વાદિ નં. ૧ ના ને કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૧૬૩, તા.૨૭/૦૮/૨૦૧૯ રદ બાતલ છે. તેવું બંન્ને વાદિઓ કબુલ રાખે છે.

(૪) ઉપરોકત દસ્તાવેજો (કુલમુખત્યારનામુ, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ) ના આધારે આ કામના વાદિ નં. ૧ અને ૨ ના ઓએ કોઈપણ પ્રકારે અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈપણ જોગ વેચાણ, બક્ષીસ, વ્યવહાર, ગીરો, મોર્ગેજ લોન, લીઝ, કરાર કે અન્ય કોઈપણ પ્રકારે કોઈ

ટ્રાન્સફર, એસાઈન કે વ્યવહાર કરેલ નથી. તેવું વાદી નં. ૧ અને ૨ વચન, વિશ્વાસ અને ખાત્રી આપે છે.

તેમજ ભવિષ્યમાં સદરહું મિલ્કત અનુસંધાને જયાં જયાં વાદીઓની સહીઓની જરૂર પડે ત્યારે જે તે અધિકારી પાસે /સરકારી કચેરીમાં રૂબરૂ હાજર રહી સહીઓ કરી આપવાની ખાત્રી આપે છે.

(૫) ઉપર મુજબના સમાધાનની વિગતે અમો વાદિ નં.૧ તથા ૨ નાએ કુલમુખત્યારનામું અને વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૧૬૩, તા. ૨૭/૦૮/૨૦૧૯ આ સમાધાનની વિગતે રદ ગણવાનો હોય અને તે થકી અમો વાદિઓને કોઈ અધિકાર રહેતા ન હોય તેથી તે દસ્તાવેજો રદબાતલ અને કેન્સલ ગણવાના છે અને તે થકી અમોને કોઈ અધિકાર પ્રાપ્ત થયેલ નથી કે થતા પણ નથી અને આવા દસ્તાવેજ બિનઅમલી, બિનઅસરકારક અને કેન્સલ ગણેલ છે તે અંગેની યાદી વાદિઓના ખર્ચે સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૮, રાજકોટ ને પાઠવવા એટલેકે દસ્તાવેજ રદ બાબતેથી જાણ કરવા તેને અનુસંધાને યોગ્ય કાર્યવાહી પુરી કરવા અરજ છે.

(૬) પ્રતીવાદી દ્વારા સને ૨૦૨૦ માં કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર. નં. ૧૧૨૦૮૦૩૭૨૦૦૧૦૭ થી ગુના નોંધાવેલ છે. જે ગુન્હાના કામે નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ ફાઈલ થતા ફો .કે.નં. ૧૪૮૬૦/૨૦૨૦ થી અમો વાદીઓ રામજીભાઈ વલલભભાઈ ગજેરા, પ્રજ્ઞાબેન આશીષભાઈ રાવલ તથા નિર્મલભાઈ રામજીભાઈ ગજેરા તથા

ક્રિષ્નાબેન નિર્મલભાઈ ગજેરા વિરૂધ્ધ ફોજદારી કેસ પેન્ડિંગ/ચાલુ છે. સદરહુ ફોજદારી કેસમાં વાદીઓ અને પ્રતીવાદી દ્વારા સમાધનની વાતચીત નક્કી થયા મુજબ કેસ સમાધાન રૂએ રદ કરવાનું નક્કી કરેલ છે. જેથી પ્રતીવાદી દ્વારા અમો વાદીઓ તથા અન્યો વિરૂધ્ધનો ઉપરોકત ફોજદારી કેસમાં પ્રતીવાદી સમાધાન લાયક જુબાની, પુરશીષ વિગેરે કાર્યવાહીમાં પુરતો સાથ સહકાર આપવાનું કબુલ કરેલ છે.

ઉપર મુજબનું સમાધાન અમો આ કામના તમામ પક્ષકારોને કબુલ મંજુર અને બંધનકર્તા હોય જે બદલ અમોએ નીચે અમારી સહી કરી આપેલ છે. તેથી તે મુજબનું કરારદાદી હુકમનામુ કરી આપવા અમો વાદીઓ તથા પ્રતિવાદીની નમ્ર અરજ છે.

રાજકોટ (૧) રામજીભાઇ વલ્લભભાઇ ગેજરા વાદી
તા.૨૨/૦૯/૨૦૨૫ (૨) પ્રજ્ઞાબેન આશીશભાઈ રાવલ
(વાદીઓ)

તળશીભાઇ જેરામભાઇ પાદરીયા
(પ્રતિવાદી)

વાદીઓના એડવોકોટની સહી
પ્રતિવાદીના એડવોકેટની સહી

આમ હાલના કામે ઉપરોકત રજુ થયેલ અરજી અન્વયે આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-:આ ખ રી હુ ક મ:-**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ હડાળા ના રે.સ.નં. ૧૬૨ પૈકી ૨ વાળી જમીન અમો પ્રતિવાદીએ જે તે સમયે ૧૬૨ પૈકી ની જમીન મોરબી તાલુકા વિકાસ અધીકારીની કચેરીના હુકમ નં. ૫૭/૧૯૮૯-૯૦/ વશી-૪૫૨૭/૩૧, તા.૨૦/૦૯/૧૯૯૦ થી બીનખેતી કરાવેલ, અને પ્રતિવાદીએ આ પ્લોટીંગ/જમીન વેચી નાખેલ હતી. ત્યારથી આ જમીનનો કબ્જો પ્રતિવાદી પાસે નથી. આ બીનખેતીની જમીન અન્ય ત્રાહિત વ્યકિતઓની માલીકીની છે. તેથી આ જમીનનો કબ્જો પણ જે તે પ્લોટ હોલ્ડરો પાસે છે. તેથી કબ્જા બાબતે વાદી નં. ૧ અને ૨ કે તેમના વંશ-વાલી વારસોએ ભવિષ્યમાં વાંધો કે તકરાર લેવાના નથી તેવુ ઠરાવામા આવે છે.

રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં .૪૧૬૩, તા.૨૭/૦૮/૨૦૧૯ રદ ગણવામાં આવે છે તેવું વાદી નં.૧ અને ૨ તથા પ્રતિવાદી કબુલ કરેલ તેવુ ઠરાવામા આવે છે.

નોટરી શ્રી એન.આર. વોરા સમક્ષ તા.૩/૨/૨૦૦૩ ના રોજ નોટરીએ કરેલ કહેવાતું કુલમુખત્યારનામું કે જે વાદિ નં.૨ જોગ પ્રતિવાદીએ કરી આપેલ તે રદ બાતલ છે. તેવુ વાદિ નં.ર કબુલ મંજુર રાખે છે. તેમજ કહેવાતું કુલમુખત્યારનામાના આધારે વાદિ નં. ૨ ના એ વાદિ નં. ૧ ના ને કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૧૬૩,

તા.૨૭/૦૮/૨૦૧૯ રદ બાતલ છે તેવું બંન્ને વાદિઓ કબુલ રાખેલ છે તેવુ ઠરાવામા આવે છે.

ઉપરોકત દસ્તાવેજો (કુલમુખત્યારનામુ, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ) ના આધારે આ કામના વાદિ નં. ૧ અને ૨ ના ઓએ કોઈપણ પ્રકારે અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈપણ જોગ વેચાણ, બક્ષીસ, વ્યવહાર, ગીરો, મોર્ગેજ લોન, લીઝ, કરાર કે અન્ય કોઈપણ પ્રકારે કોઈ ટ્રાન્સફર, એસાઈન કે વ્યવહાર કરેલ નથી તેવું વાદી નં. ૧ અને ૨ વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ છે તેમજ તેમજ ભવિષ્યમાં સદરહું મિલ્કત અનુસંધાને જયાં જયાં વાદીઓની સહીઓની જરૂર પડે ત્યારે જે તે અધિકારી પાસે /સરકારી કચેરીમાં રૂબરૂ હાજર રહી સહીઓ કરી આપવાની રહેશે.

વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૧૬૩, તા. ૨૭/૦૮/૨૦૧૯ આ સમાધાનની વિગતે રદ ગણવાનો હોય અને તે થકી વાદિઓને કોઈ અધિકાર રહેતા ન હોય તેથી તે દસ્તાવેજો રદબાતલ અને કેન્સલ ગણવાના છે અને આવા દસ્તાવેજ બિનઅમલી, બિનઅસરકારક અને કેન્સલ ગણેલ છે તે અંગેની યાદી વાદિઓના ખર્ચે સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૮, રાજકોટ ને કરવાની રહેશે.

ફો.કે.નં. ૧૪૮૬૦/૨૦૨૦ આ કામના વાદીઓ અને પ્રતિવાદીઓએ આ સમાધાન પુરસીસમા જણાવ્યા મુજબનું કાર્યવાહી કરવાની રહેશે.

હુકમ મુજબ હુકમનામું દોરવુ.

હુકમ આજ તા.૨૯, માહે એપ્રિલ સને ૨૦૨૬ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા.૨૯/૪ /૨૦૨૬

(**મિતલબેન દિલીપસિંહ જાદવ**)
૮મા અધિક સિવિલ જજ (જુ.ડી.)
**રા જ કો ટ.**
**UIC NO.GJ01746**